R.P.A. D.

ક્રમાંક : ESTA./ESC2/GPSC-એકા./129/2014/ 985-994

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચરી,
બ્લૉક નં-૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા. 20/02/2014.

વંચાણે લીધા ::-

૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા.૯/૧/૧૪ ના પત્ર ક્રમાંકઃ આરસીટી/૧૦૨૦૦૯/૧૦૭૧/આર.૪,
૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો તા.૦૩/૦૨/૨૦૧૪ ના જાહેરનામુ ક્રમાંકઃજીસીઓ/૧૫૧૪/૧૪/ખ,
૩) શ્રી ખેતલ પરેશ શાંતારામ એ અત્રે રજુ કરેલ સોગંધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ તા. ૨૦/૦૨/૨૦૧૪.

કચેરી આદેશ ::-

વંચાણે લીધેલ આમુખ-૨ અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજય, વિજ્ઞાન કોલેજ ખાતે એકાઉન્ટન્સીના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકને રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦-૬૦૦૦-એજીપીના પગાર ધોરણમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક આપવા બાબતે આ કચેરીના હવાલે મુકવાના અને આમુખ-૨ ની શરતોને તથા નીચે દશાવેલ વિગતોને આધિન તથા આમુખ-3 ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | મદદનીશ પ્રાધ્યાપકનું નામ | કેટેગરી | નિમણૂંકવાળી કોલેજનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| ૧ | શ્રી ખેતલ પરેશ શાંતારામ | સા.શૈ.પ.વર્ગ | સરકારી વાણિજય કોલેજ, વડાલી, જિ. સાબરકાંઠા |

શરતો ::-

૧) જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન શ્રી ખેતલ પરેશ શાંતારામ ને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ પગાર રૂ.૧૫૬૦૦/- અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની પુરી મુદત દરમ્યાન તે જ પગાર મેળવશે અને કોઇ ઇજાફા મેળવવાપત્ર થશે નહીં.અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઇજાફા મળવાપત્ર થશે.

૨) આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

3) સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સૉંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે.

૪) અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.

૫) ઉકત ઉમેદવારને નિમણુંક આપતાં અગાઉ, સરકારી નોકરી માટે શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્રો તથા તેઓના ચારિત્ર અને વર્તણૂંક અંગેના પોલીસ અહેવાલ મેળવ્યા બાદ જ વિગતવાર નિમણૂંકના આદેશ કરવાના રહેશે.(ઉમેદવારે આપેલ બાંહેધરી પત્ર તથા મુજબ)

૬) સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય-મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉર્તિર્ણ કરવામાં નહી આવે તો, ત્યાર પછીના ઇજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૭) નિયત સમય મર્યાદમાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સિનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.

૮) પગાર, રજા, પેન્શન વર્તણૂંક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષય અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રહેશે.

૯) ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વિગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે કે, કેમ ? તેની ખરાઇ આચાર્યશ્રીએ કરવાની રહેશે.

૧૦) જે તે જગ્યા માટે નકકી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨-૧-૭૦ ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ, ની જોગવાઇ અનુસાર તબીબી તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક અપવા માટે જે તે ઉમેદવાર પાસેથી એવું એકરારનામું મેળવવાનું રહેશે કે જો તેઓ તબીબી / પોલીસ તપાસમાં કોઇ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પુરી કરવાની રહેશે.

૧૧) આ શરતો વાંચી, સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે, તે મતલબનું એકરારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ)

૧૨) સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ નિયત નમુનામાં સીકયોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણુંક મેળવનાર ઉમેદવારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ) અને આચાર્યશ્રીએ આ કચેરીને એક નકલ મોકલી આપવાની રહેશે.

૧૩) હાલ આ વિષયના જે એડહોક મદદનીશ પ્રાધ્યાપક/કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક સેવામાં ચાલુ હોય અને મહેકમ સંપૂર્ણ ભરેલું હોય તો આ વિષયના એડહોક જુનિયર વ્યાખ્યાતા સહાયકને તાત્કાલિક છૂટા કરવા અને તેઓને ખાલી પડેલ જગ્યા પર આ મદદનીશ પ્રાધ્યાપકને હાજર કરીને કરેલ કાર્યવાહીની જાણ આ કચેરીને કરવી.

૧૪) નિમણૂંક મેળવતા ઉમેદવારોએ ભરતી નિયમોનુસાર જરૂરી કોમ્પ્યુટર કૌશલ્યની લાયકાત ધરાવે છે કે, કેમ તેની ચકાસણી કમિશ્નરશ્રી (ઉ.શિ) એ કરવાની રહેશે. અને નિમણુંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો આચાર્યશ્રીએ મેળવી આ કચેરીને મોકલી આપવાના રહેશે. વધુમાં સરકારશ્રી ધ્વારા વખતો વખત જે કોઇ લાયકી પરીક્ષા પાસ કરવાનું

ઠરાવવામાં આવે તે નિમણૂંક પામતા ઉમેદવારે સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય-મર્યાદામાં પાસ કરવાની રહેશે. અને તે અંગેની ખાતરી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણએ કરવાની રહેશે.

૧૫) આ ઉમેદવારોની નિમણુંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો (E.R.)/વાર્ષિક મુલ્યાંકન અહેવાલ નિયત નમુનામાં સમયસર સરકારશ્રીમાં બે નકલમાં મોકલી આપવાનો રહેશે.

૧૬) આયોગ દ્વાર ભલામણ કરવામં આવેલ ઉમેદવારો પૈકી ક્રમ-૦૭ અને ૨૧ ના ઉમેદવારો સરકારી કર્મચારીઓ છે. સા.વ.વિ.ના તા.૨૦/૧૦/૧૯૯૨ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૯૦/૭૮૮/૨ ની જોગવાઈ મુજબ અરજી મોકલવાની છેલ્લી તારીખ-૩૧/૧૨/૨૦૧૧ પછીના ૩૦ દિવસમાં સંબંધિત વિભાગના/ખાતા/કચેરી તરફથી ઉમેદવારોને સેવા મુકત કરવામાં તેઓને વાંધો છે. તે મતલબની જાણ આયોગને થયેલ નથી. તેથી તેઓની અરજી વિચાણામાં લેવામાં આવેલ છે. નિમણુંક સમયે આ અંગે જરૂરી ચકાસણી કરવા વિનંતી છે.

૧૭) પસંદગી ક્રમ-૨ ના ઉમેદવારની સા.વ.વિ.ના તા.૨૯/૦૧/૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક : પીવીએસ/૧૦૯૯/ એમએમ-૧૩/જી-૪ મુજબ બીન અનામત જગ્યા પર આયોગ દ્વારા ભલામણ કરવામાં આવેલ છે.

૧૮) જયાં સુધી આ કચેરીના જણાવ્યા મુજબ નિયત નમૂનામાં રીસર્ચ પ્રેપોઝલ અને દર વર્ષની પ્રકાશિત પેપરની માહિતી આપના દ્વારા પુરી પાડવામાં નહી આવે ત્યાં સુધી ૨૨ કલાકનો કાર્યભાર પ્રમાણે કામ કરવાનું રહેશે.

૧૯) નિમણૂંક પામેલ ઉમેદવારે તા. ૨૮/૦૨/૨૦૧૪ સુધીમાં નિમણૂંક સ્થળે હાજર રહેવાનું રહેશે.

નોંધ ઉપર મળેલ માન. આયુકતશ્રીના આદેશાનુસાર.

સંયુકત શિક્ષણ નિયામક (મહેકમ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

⇒ શ્રી ખેતલ પરેશ શાંતારામ, બી-૨૪, જય રણછોડ સોસાયટી, નંબર-૧, નટરાજનગરની બાજુમાં, વાઘોડિયા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯.

⇒ આચાર્યશ્રી, સરકારી વાણિજય કોલેજ, વડાલી, જિ. સાબરકાંઠા

⇒ પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી,વડાલી, જિ. સાબરકાંઠા

⇒ એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

⇒ હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, સદર કચેરી.

⇒ શ્રેયાન અધિક્ષકશ્રી, ખાનગી અહેવાલના ટેબલે.

⇒ રજીસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સિટી.

⇒ હુકમ ફાઈલે.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ખ-શાખા, સચિવાલય, ગાંધીનગર

ક્રમાંક : મકમ/ESC2/ફે.બદલી/૨૦૧૮/ 11058-64

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,

બ્લૉક નં ૧૨, બીજો માળ,

ડૉ.જીવરાજ મહેતા ભવન,

ગુ.રા.,ગાંધીનગર.

તા.૧૩/૧૧/૨૦૧૮.

વંચાણે લીધા ::-

((૧ અત્રેની કચેરીના ક્રમાંક: મકમ/ESC2/GPSC-Eco/૨૦૧૮/૧૦૬૨૪-૧૦૭૬૨,તા: ૨૦/૧૦/૨૦૧૮.

(૨) ઉમેશકુમાર જીવનભાઇ ચૌધરી,સરકારી વાણિજય કોલેજ વડાલીની તા; ૨૯/૧૦/૨૦૧૮ની રજુઆત.

(૩) ગુરૂ પ્રકાશ જમીદારસિંહ, સરકારી વિનયન અને વાણિજય કોલેજ નસવાડીની તા; ૨૯/૧૦/૧૮ની રજુઆત.

કચેરી આદેશ ::-

વંચાણે લીધેલ આમુખ (૧)ના આદેશથી અર્થશાસ્ત્ર વિષયના આસી.પ્રોફેસર(વર્ગ-૨) સવર્ગમાં આસી. પ્રોફેસરના નિમણૂંક આદેશ કરવામાં આવેલ છે. આમુખ (૨) અને (૩)મુજબની રજુઆતને ધ્યાને લઇ જાહેર હિત અને વહીવટી સરળતા ખાતર સરકારી કોલેજમાં અર્થશાસ્ત્ર વિષયના આસી.પ્રોફેસર(વર્ગ-૨) સવર્ગમાં ફરજ બજાવતા નીચે દર્શાવેલ વિગતે તેમના નામ સામે જણાવેલ કોલેજમાં અન્ય આદેશ ન થાય ત્યાં સુધી ફેરબદલીના આદેશ કરવામાં આવે છે.

| ક્રમ. | મદદનીશ પ્રાધ્યાપકનું નામ, હાલની કોલેજ | બદલીનું સ્થળ |
|---|---|---|
| ૧ | ઉમેશકુમાર જીવનભાઇ ચૌધરી, સરકારી વાણિજય કોલેજ વડાલી, જિ. સાબરકાંઠા. | સરકારી વિનયન અને વાણિજય કોલેજ નસવાડી, જિ. છોટાઉદેપુર |
| ૨ | ગુરૂ પ્રકાશ જમીદારસિંહ, સરકારી વિનયન અને વાણિજય કોલેજ નસવાડી, જિ. છોટાઉદેપુર | સરકારી વાણિજય કોલેજ વડાલી, જિ. સાબરકાંઠા. |

ઉપરોકત ફેરબદલીઓ સ્વ.વિનંતીથી કરવામાં આવેલ હોઇ બદલી મુસાફરી ભથ્થું કે વાટ-ચાલના દિવસો મળવાપાત્ર રહેશે નહિ. આ હુકમનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

નોંધ ઉપર મળેલ માન.નિયામકશ્રીના આદેશ અનુસાર.

ખાસ ફરજ પરના અધિકારી

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી

ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

- ⇒ ઉમેશકુમાર જીવનભાઇ ચૌધરી, મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વાણિજય કોલેજ વડાલી, જિ. સાબરકાંઠા.
- ⇒ ગુરૂ પ્રકાશ જમીદારસિંહ, મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વાણિજય કોલેજ નસવાડી, જિ. છોટાઉદેપુર
- ⇒ આચાર્યશ્રી, સરકારી વાણિજય કોલેજ વડાલી, જિ. સાબરકાંઠા
- ⇒ આચાર્યશ્રી, સરકારી વિનયન અને વાણિજય કોલેજ નસવાડી, જિ. છોટાઉદેપુર
- ⇒ પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી વડાલી, જિ. સાબરકાંઠા /નસવાડી, જિ. છોટાઉદેપુર
- ⇒ હિસાબી અધિકારીશ્રી,સદર કચેરી,
- ⇒ શ્રેયાન અધિક્ષકશ્રી, મહેકમ શાખા (ખાનગી અહેવાલના ટેબલે), સદર કચેરી.
- ⇒ હુકમ ફાઇલે.

R.P.A. D.

ક્રમાંક : મકમ/ESC2/GPSC-એકાઉન્ટન્સી/૨૦૧૯/5823-5891

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લૉક નં-૧૨, બીજો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર.
તા. ૨૫/૦૪/૨૦૧૯

વંચાણે લીધા ::-

૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા. ૧૪/૧૧/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃ આરસીટી- ૧૦૨૦૧૬-૪૪૪૪-૧૩-આર-૪
૨) શિક્ષણ વિભાગ, ગાંધીનગરનો તા.૨૨/૧૧/૨૦૧૮ના જાહેરનામાં ક્રમાંકઃજીસીઓ/૧૫૧૬/૧૩૬/ખ
3) ઉમેદવારોએ અત્રે રજુ કરેલ સોગંધનામું/બાંહેધરીપત્ર/તથા ચેકલીસ્ટ, તા. ૧૨/૧૨/૨૦૧૮
૪) નામ. વડી અદાલતના LPA/820/2019 અને અન્યમાં તા. ૧૧/૦૪/૨૦૧૯ના રોજ આપવામાં આવેલ ઓરલ ઓર્ડર

::: કચેરી આદેશ :::

વંચાણે લીધેલ આમુખ (૨) અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ ખાતે એકાઉન્ટન્સી વિષયના મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નીચેના મદદનીશ પ્રાધ્યાપકોને રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦-૬૦૦૦-એજીપીના પગાર ધોરણમાં સીધી ભરતી દવારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય પર નિમણૂંક આપવા માટે આ કચેરીના હવાલે મુકવામાં આવેલ છે. આમુખ(૨)ની તમામ શરતો તથા નીચે દશાવેલ શરતોને તેમજ આમુખ(૩)ને આધિન નીચે દર્શાવેલ ઉમેદવારોને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | નામ અને સરનામું | ફાળવેલ કોલેજ |
|---|---|---|
| 1 | **Mr. HEMENDRA FAKIRCHAND SHAH**<br>2A ATMAVIHAR FLAT LAD SOCIETY ROAD<br>NEHRUPARK VASTRAPUR AHMEDABAD - 380015 | ગુજરાત આર્ટ્સ & કોમર્સ કોલેજ(સાંજ), અમદાવાદ |
| 2 | **Dr. PARTH RASHMIKANT BHATT**<br>A/67, BHAVNA TENAMENTS, NR. VASNA BARRAGE ROAD, AHMEDABAD-380007 | આર. સી. કોલેજ ઑફ કોમર્સ, અમદાવાદ |
| 3 | **Mr. VISHAL KHIVRATAN BOHRA**<br>D-401, AARYAN PRIDE, NR. SHAYONA TILA-3, Bh. LIFELINE HOSPITAL, VANDEMATARAM ROAD, GOTA, AHMEDABAD-382481 | ગુજરાત કોમર્સ કોલેજ(સવાર), અમદાવાદ |
| 4 | **Mr. JAGDISH BHIKHUBHAI BHAGAT**<br>2266 B MALIVADA NI POLE HALIM NI KHADKI SHAHPUR, AHMEDABAD-380001 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ |
| 5 | **Mrs. GRISHMA AMRUTLAL POBARI**<br>BLOCK NO 98 A1 KOTHI COMPOUND RAILWAY COLONY, RAJKOT-360001 | સરકારી વાણિજ્ય કોલેજ, જામનગર |
| 6 | **Dr. SHAILENDRASINH JAYRAJSINH VAGHELA**<br>SHAILYADEEP AMRUTNAGAR 3, JYOTINAGAR MAIN ROAD, KALAWAD ROAD, RAJKOT-360005 | ગુજરાત આર્ટ્સ & કોમર્સ કોલેજ(સાંજ), અમદાવાદ |
| 7 | **Mr. ASHVINKUMAR DINESHBHAI PARMAR**<br>RAJKOT B 602, AALAP TWIN TOWERS, OPP. MAHAMA GANDHI SCHOOL, NANAMUVA MAIN ROAD, RAJKOT-360005 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ઓખામંડળ |

| | | |
|---|---|---|
| 8 | **Ms. JYOTI VIJAYBHAI KARIA**<br>G 305, NAIYA PARADISE, NEAR R A F CAMP, VASTRAL CROSS ROAD, S.P.RING ROAD, VASTRAL, AHMEDABAD-382418 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સોજીત્રા |
| 9 | **Mr. PRATIK ASHVINBHAI SHAH**<br>15 MEERA PARK NR AKRUTI PARK 80 FT ROAD-ANAND-388001 | સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજ |
| 10 | **Mr. MARKHI NATHABHAI LAGARIYA**<br>C-90, THACHRAJ CO. OPERATIVE SOCIETY,MANSA-382845 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, તાલાલા |
| 11 | **Mr. MILAN BHARATKUMAR UNDAVIA**<br>B 4 KIRTI APPT NEAR SHANKARDAHALL K K NAGAR ROAD GHATLODIA AHMEDABAD 380061 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, કડોલી |
| 12 | **Ms. HETAL SHASHIKANT SOLANKI**<br>A-8, GUNJAN APARTMENT, VINAKUNJ SOCIETY, OPP.R.R.TRIVEDI SCHOOL, VASTRAPUR, RAILWAY CROSSING, VEJALPUR, AHMEDABAD 380051 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ગાંભોઇ |
| 13 | **Mr. SHAILESHKUMAR SURSINGBHAI BARIA**<br>22 SHRIJI PARK SOCIETY BH PAUVA MAMRA FACTORY GOPI CINEMA ROAD ANAND-388001 | સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી |
| 14 | **Mr. DIPAK BHARATBHAI GOHIL**<br>BH.PANCHVATI SOCIETY, AT TALGAJARDA, TA.MAHUVA, BHAVNAGAR-364290 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, બરવાળા |
| 15 | **Dr. RAVINDRA LADHABHI MOJIDRA**<br>16, GREEN FOREST,OPP.SATSANG VILLA,OPP.TAXSHILA WEST BESTERN ODHAV, VASTRAL RING ROAD, AHMEDABAD 382415 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, સમી |
| 16 | **Mr. RITESHKUMAR HARESHKUMAR SOLANKI**<br>SHREE GANESH PORTARIES, RAJKOT HIGHWAY ROAD, RATANPARK, JORAVARNAGAR, SURENDRANAGAR-363020 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, મૂળી |
| 17 | **Mr. MUKESHKUMAR MANILAL BAVALIYA**<br>202, ATLANTIS PARK, PARSHVANATH, SOCI.NR.AGORA MALL, TAPOVAN CIRCLE, CHANDKHEDA, AHMEDABAD 382424 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, રાપર |
| 18 | **Mr. DIGESHKUMAR VINODBHAI PAWAR**<br>UMARSADI MACHCHHIVAD MANDIR, FALIYA KILA, PARDI, VALSAD-396125 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, નેત્રંગ |
| 19 | **Mr. NILESHBHAI MOHANBHAI GAMIT**<br>G 303, ANJANI ENCLAVE, OPP. VAISHNODEVI HEIGHTS CANAL ROAD, VANAKALA, JAHANGIRPUR, SURAT-395005 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, જાફરાબાદ |
| 20 | **Mr. RANGJIBHAI NEHADIABHAI GAMIT**<br>AT PANKHARI SCHOOL FALIYU, PO. MIRKOT, TA.UCHHAL, VYARA, TAPI-394670 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લીલીયા |
| 21 | **Mr. VAIBHAV BHAGVATI BHAI BARODIYA**<br>31, GIRNAR SOCIETY, CHHAPRABHATHA ROAD, AMROLI, SURAT-394107 | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, લખપત |

શરતો ::–

1. જાહેરનામાની શરતો અને જોગવાઈને આધિન ઉપરોક્ત ઉમેદવારોને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ પગાર રૂ.૧૫૬૦૦/– અને તેના પર અન્ય ભથ્થાં મળવાપાત્ર થશે. અને અજમાયશી સમયની મુદત પુરી ન થાય ત્યા સુધી તે જ પગાર મેળવશે અને કોઇ

ઈજાફા મેળવવાપાત્ર થશે નહીં. અજમાયશી મુદત પૂરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાએ નિમણુંક થયા બાદ જ સામાન્ય દરે ઈજાફા મળવાપાત્ર થશે.

2. અજમાયશી મદદનીશ પ્રાધ્યાપકોને વધુ કાર્યક્ષમ બનાવવા તેઓને તાલીમ માટે પસંદ કરેલ હોય કે પ્રતિનિયુક્તિથી તાલીમમાં મોકલવામાં આવ્યા હોય ત્યારે તેઓની સંમતિ મેળવવી અને તેમનો તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે તેની જાણ કર્યા બાદ અને તેમની સંમતી મેળવીને તાલીમ જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.
3. અજમાયશી સમય સમાપ્ત કરવાના હુકમો કરવામાં આવે ત્યારે અજમાયશી અધિકારીએ અજમાયશી સમય દરમ્યાન ભોગવેલ રજાઓ, તાલીમમાં કે પારા (૨) મુજબ પ્રતિનિયુક્તિ પરની તાલીમના સમયગાળાનો સમય અને ફરજ પર જોડાવાના સમય જેટલો અજમાયશી સમય લંબાવવામાં આવશે.
4. આકસ્મીક રજા સિવાયની કોઇ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.
5. સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઇ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે અને તેઓ રાજ્યમાં કોઇપણ સ્થળે બદલીપાત્ર રહેશે.
6. અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહીં હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.
7. સરકારે નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષાકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઇ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવેલ સમય–મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉર્તિર્ણ કરવામાં નહી આવે તો, ત્યારપછીના ઈજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.
8. નિયત સમય મર્યાદમાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારોની સિનીયોરીટી આયોગે આપેલ ક્રમ મુજબ રહેશે.
9. પગાર, રજા, પેન્શન, વર્તણૂંક વગેરે સેવા વિષયક અને શિસ્ત વિષયક અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રહેશે.
10. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ ઉમેદવારે જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વિગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે કે કેમ ? તેની ખરાઇ આચાર્યશ્રીએ કરવાની રહેશે.
11. જે તે જગ્યા માટે નક્કી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨–૧–૭૦ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ, ની જોગવાઇ અનુસાર તબીબી, ચારિત્ર્ય તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક આપવા માટે જે તે ઉમેદવાર પાસેથી મેળવેલ આવા એકરારનામાના આધારે આ નિમણૂંક આપવામાં આવે છે જો તેઓ તબીબી, ચારિત્ર્ય તથા પોલીસ તપાસમાં કોઇ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી, ચારિત્ર્ય અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક વાળી કોલેજના આચાર્યશ્રીએ નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પૂરી કરવાની રહેશે.
12. ઉપરની શરતો પરિપૂર્ણ થવા અંગેની ચકસણી સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરી અત્રે જાણ કરવાની રહેશે. આ શરતો વાંચી, સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે, તે મતલબનું એકરારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી.
13. સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ નિયત નમુનામાં સીકયોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણુંક મેળવનાર ઉમેદવારે આચાર્યશ્રીને આપવાનું રહેશે. (સોગંધનામું તથા ચેકલીસ્ટ મુજબ) અને આચાર્યશ્રીએ આ કચેરીને એક નકલ મોકલી આપવાની રહેશે.

14. નિમણુંક મેળવતા ઉમેદવારોએ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક:જીએસ/૨૦૦૬/૩૧/ખતપ/૧૦૨૦૦૫/ ૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતો વખતના સબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો આચાર્યશ્રીએ મેળવી આ કચેરીને મોકલી આપવાના રહેશે. વધુમાં સરકારશ્રી દ્વારા વખતો વખત જે કોઇ લાયકી પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવે તે નિમણૂંક પામતા ઉમેદવારે સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય-મર્યાદામાં પાસ કરવાની રહેશે અને તે અંગેની ખાતરી સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરી અત્રે જાણ કરવાની રહેશે.

15. આ ઉમેદવારોની નિમણુંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો (E.R.)/વાર્ષિક મુલ્યાંકન અહેવાલ સા. વ. વિ. ના ૦૮/૦૬/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ/૧૦૮૬/૫૦૬૮/ગ.૨થી નિયત થયેલ નમુનામાં સમયસર સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ મેળવી બે નકલમાં અત્રેની કચેરીને મોકલી આપવાના રહેશે.

16. આ કચેરીના જણાવ્યા મુજબ જયાં સુધી નિયત નમૂનામાં રીસર્ચ પ્રેપોઝલ અને દર વર્ષની પ્રકાશિત પેપરની માહિતી આપના દ્વારા પુરી પાડવામાં નહી આવે ત્યાં સુધી ૨૨ કલાકનો કાર્યભાર પ્રમાણે કામ કરવાનું રહેશે.

17. નિમણૂંક પામેલ ઉમેદવારે દિન-૭ માં નિમણૂંક સ્થળે હાજર થવાનું રહેશે.

(સહી)

કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

- સબંધિત ઉમેદવારો...
- સબંધિત કોલેજના આચાર્યશ્રીઓ
- સબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા, સદર કચેરી.
- શ્રેયાન અધિક્ષકશ્રી, ખાનગી અહેવાલના ટેબલે.
- રજીસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સિટી.
- હુકમ ફાઈલે.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

- સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ખ-શાખા, સચિવાલય, ગાંધીનગર

## ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

મહેકમ શાખા, બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

રજી.એડી /ઇ.મેઇલ

ક્રમાંક/મકમ.૨/પ્રા.બદલી/૨૦૨૨/

તા: ૨૫/૦૧/૨૦૨૨

Commissioner of Higher Education G.S., Gandhinagar

**કચેરી આદેશ :**

રાજયની સરકારી કોલેજોમાં મદદનીશ પ્રાધ્યાપક(વર્ગ-૨) સંવર્ગમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ પ્રાધ્યાપકની તેમના નામ સામે જણાવેલ કોલેજમાં ફેરબદલીના આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | પ્રાધ્યાપકનું નામ, હાલની કોલેજ, ક્યારથી | માંગણી મુજબ બદલી માટેની સૂચિત કોલેજ |
|---|---|---|
| (૧) | (૨) | (૪) |
| ૧ | શ્રી રમેશભાઈ જી ચૌધરી , ઇતિહાસ<br>સરકારી વિનયન કોલેજ, વાવ, બનાસકાંઠા | સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,જાદર , સાબરકાંઠા |
| ૨ | શ્રી શીવાભાઈ ડી ખાંભલા, ઇતિહાસ<br>સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,જાદર , સાબરકાંઠા | સરકારી વિનયન કોલેજ, વાવ, બનાસકાંઠા |
| ૩ | આસમાબાનુ સલિમભાઈ લોહાર, ઇતિહાસ<br>સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ , લખપત દયાપર, કચ્છ | આર આર લાલન કોલેજ, ભુજ , કચ્છ |
| ૪ | સંદિપકુમાર કેશાભાઈ વાઘેલા , ઇતિહાસ<br>આર આર લાલન કોલેજ, ભુજ , કચ્છ | સરકારી વિનયન અને વાણિજય કોલેજ , લખપત દયાપર, કચ્છ |
| ૫ | શ્રી કમલેશ આર ગોજીયા , ઇતિહાસ<br>સરકારી વિનિયન કોલેજ , ઉચ્છલ, તાપી | ડી. કે. વિ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જામનગર |
| ૬ | ડૉ. કાશ્મીરા પી.ટાંક , ભૌતિકશાસ્ત્ર<br>સરકારી વિજ્ઞાન કોલેજ, વેરાવળ | સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગર |
| ૭ | શ્રી વિજયકુમાર એચ રાવલ , આંકડાશાસ્ત્ર<br>એચ.એન્ડ એચ. બી. કોટક ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ,રાજકોટ | શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ , મણિનગર , અમદાવાદ |
| ૮ | એન એમ ટંડેલ , આંકડાશાસ્ત્ર ,<br>સરકારી વિજ્ઞાન કોલેજ, આહવા | સરકારી વાણિજ્ય કોલેજ, વડાલી , જી . સાબરકાંઠા |
| ૯ | શ્રી ધર્મેન્દ્ર એમ નકુમ, અર્થશાસ્ત્ર<br>સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ | ડી.કે.વિ આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, જામનગર |
| ૧૦ | ડૉ. કુસુમબેન એમ પરદેશી, ગુજરાતી<br>એમ.એન.કોલેજ, વિસનગર | સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ, કઠલાલ, ખેડા. |
| ૧૧ | ગોહિલ અનિરુદ્ધ બી , ગુજરાતી<br>સરકારી વિનિયન અને વાણિજ્ય કોલેજ, દયાપર | સરકારી વિનિયન કોલેજ , તળાજા , જી. ભાવનગર |
| ૧૨ | જીજ્ઞાબા એ રાણા, ગુજરાતી<br>સરકારી વિનિયન કોલેજ,વલ્લભીપૂર,જી.ભાવનગર | સરકારી વિનિયન કોલેજ, ભાણવડ, દેવભૂમિદ્વારકા |

| | | |
|---|---|---|
| ૨૯ | ડૉ કિરણ ઓ ડોડીયા, હિન્દી<br>સરકારી વિનિયન કોલેજ, બાયડ | સરકારી વિનિયન કોલેજ , ચોટીલા<br>જી. સુરેન્દ્રનગર |
| ૩૦ | ડૉ. શિવાંગ એમ. ભાવસાર, હિન્દી,<br>શ્રી એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,<br>સુરેન્દ્રનગર | ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ,<br>અમદાવાદ |
| ૩૧ | દિનેશ એસ શર્મા , હિન્દી,<br>ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ , અમદાવાદ | સરકારી વિનિયન કોલેજ, બાયડ,<br>જી. અરવલ્લી |
| ૩૨ | પ્રા. ગાર્ગી વાય શાહ, હિન્દી<br>એમ. પી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, સુરેન્દ્રનગર | ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,<br>અમદાવાદ |
| ૩૩ | પ્રા. રતિલાલ એમ મકવાણા, હિન્દી<br>ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદ | એમ. પી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,<br>સુરેન્દ્રનગર |
| ૩૪ | હિનાબેન એ પ્રજાપતિ, પ્રાણીશાસ્ત્ર,<br>બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ, જુનાગઢ | સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫<br>ગાંધીનગર |
| ૩૫ | ચેતના વી શાહ , પ્રાણીશાસ્ત્ર,<br>ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ | સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫<br>ગાંધીનગર |
| ૩૬ | બ્રિજેન એસ પટેલ, અર્થશાસ્ત્ર ,<br>સરકારી વિનિયન કોલેજ, મણિનગર,<br>અમદાવાદ | સરકારી વિનિયન અને વિજ્ઞાન કોલેજ, બાવળા,<br>અમદાવાદ |

ઉપરોકત ફેરબદલી પૈકી ક્રમ-૮,૧૨ , ૧૪,૨૨,૩૧ અને ૩૩નંબરના પ્રાધ્યાપકની જાહેરહિત માં બદલી કરવામાં આવે છે. ઉક્ત ક્રમ નંબર સિવાયના તમામ પ્રધ્યાપકોની બદલી સ્વ-વિનંતીથી બદલી કરવામાં આવેલ હોઈ બદલી મુસાફરી ભથ્થુ કે વાટચાલના દિવસો મળવાપાત્ર રહેશે નહિ.

આ હુકમનો ત્વરીત અમલ કરવાનો રહેશે અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

કમિશનર
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર.

પ્રતિ,

⇒ સબંધિત મદદનીશ પ્રાધ્યાપકશ્રી, (કોલેજ મારફત)
⇒ આચાર્યશ્રી સબંધિત સરકારી કોલેજો (ઉપર મુજબ)
⇒ સબંધિત પેટા/જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ......................
⇒ શ્રેયાન અધિક્ષકશ્રી, મહેકમ શાખા (ખાનગી અહેવાલના ટેબલે), સદર કચેરી.
⇒ હુકમ ફાઈલે.